# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૨૬.૦૩.૨૦૧૯

-----------

**ચૂંટણી ટાણે જ કોંગ્રેસના નેતાઓને મંદિર યાદ આવે છે ? રામનું અસ્તિત્વ જ નથી રામ તો માત્ર કાલ્પનિક પાત્ર છે તેવું સુપ્રિમ કોર્ટમાં એફીડેવીટ કરનાર કોંગ્રેસના નેતા કયા મોઢે અયોધ્યા જવાની વાત કરે છે – શ્રી યોગી આદિત્યનાથજી**

-----------

**ગંગા અશુધ્ધ છે તેવું ગાઇ વગાડીને કહેનારા આજે મા ગંગાનું આચમન લઇ રહ્યા છે – શ્રી યોગી આદિત્યનાથજી**

-----------

**સાડા ચારસો વર્ષ સુધી જે હિન્દુઓના આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર છે તેવા "અક્ષયવટ"ના દર્શનનો લાભ ૨૦૧૯માં દરેક દર્શનાર્થીને મળ્યો, દેશની જનતાની આસ્થા અને શ્રધ્ધાનું સન્માન માત્ર ભાજપા જ કરી શકે – શ્રી યોગી આદિત્યનાથજી**

-----------

**રાહુલ ગાંધીના ગુરુ સામપીત્રોડા આજે "શેમ" દેશની શરમ બની ગયા છે.**
**આતંકવાદીઓનું સન્માન અને મહાપુરુષોનું અપમાન કોંગ્રેસનો સ્વભાવ બની ગયો છે – શ્રી યોગી આદિત્યનાથજી**

-----------

**ગરીબી હટાવોનો નારો આપનારી કોંગ્રેસ દેશમાંથી ૫૫ વર્ષ સુધી ગરીબી કેમ ન હટાવી શકી – શ્રી યોગી આદિત્યનાથજી**

-----------

**બૂથનો સામાન્ય કાર્યકર્તા વિશ્વની સૌથી મોટી રાષ્ટ્રીય પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે તે માત્ર ભાજપામાં જ શક્ય છે.**
**દેશની જનતાની આસ્થા અને શ્રધ્ધાનું સન્માન માત્ર ભાજપા જ કરી શકે – શ્રી યોગી આદિત્યનાથજી**

-----------

**એક બૂથના કાર્યકરથી શરૂઆત કરીને રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોંચીને શ્રી અમિતભાઇ શાહે ભાજપાના પ્રત્યેક કાર્યકર માટે પ્રેરણા રૂપ બન્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ગુજરાતના કપરા સમયમાં રાજ્યના ગૃહમંત્રી તરીકે શ્રી અમિતભાઇ શાહના આવવાથી આ તમામ બૂટલેગરો પોતાના દરમાં છુપાઇ ગયા હતા અને ગુજરાતમાં શાંતિ, સલામતિ અને સુશાસનની સ્થાપના કરી હતી. આવા નખશીખ પ્રમાણિક શ્રી અમિતભાઇ શાહની ગાંધીનગર લોકસભાના ઉમેદવાર તરીકે વરણી થતી હોય ત્યારે પ્રત્યેક ભાજપાનો કાર્યકર મેરા બૂથ સબસે મજબૂતના સંકલ્પ સાથે ભવ્ય વિજયમાં કટિબધ્ધ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ગાંધીનગર લોકસભા વિસ્તાર ઘાટલોડીયાના પ્રભાત ચોક ખાતે વિજય સંકલ્પ જન સભા યોજાઇ હતી.

"ભારત માતા કી જય" અને "જય શ્રી રામ"ના નારા સાથે પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ સમગ્ર દેશનું ગૌરવ સમાન અને આધ્યાત્મિક એવા શ્રી યોગી આદિત્યનાથજીનું સ્વાગત કરતા જણાવ્યુ હતુ કે, ગાંધીનગર લોકસભાના ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહની વરણી થાય તેવી લાગણી અને માંગણીને કેન્દ્રીય નેતૃત્વએ સ્વીકાર્યુ તે બદલ તેમનો આભાર માન્યો હતો તેમજ જેના નામ માત્રથી જ ગાંધીનગર લોકસભાની ચૂંટણી જીતી ચૂક્યા છે તેવો અનેરો આનંદ અને ઉત્સાહ ગુજરાત ભાજપાના તમામ કાર્યકરમાં જોવા મળે છે. એક બૂથના કાર્યકરથી શરૂઆત કરીને રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોંચીને શ્રી અમિતભાઇ શાહે ભાજપાના પ્રત્યેક કાર્યકર માટે પ્રેરણા રૂપ બન્યા છે ત્યારે ૨૦૧૯ની નિર્ણાયક ચૂંટણી વખતે ભાજપાને માત્ર ગુજરાત જ નથી જીતવાનું પરંતુ સમગ્ર ભારતના કરોડો લોકોના આશીર્વાદ મેળવવાના છે ત્યારે નવા ભારતની પરિકલ્પના પૂર્ણ કરવા માટે તમામ ૨૬ લોકસભા અને ગાંધીનગર લોકસભા જંગી બહુમતીથી જીતવા કાર્યકરોને હાકલ કરી હતી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કોંગ્રેસને આડેહાથ લેતા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આ એ ગુજરાત છે કે, ગુજરાતના શહેરોના નામ બુટલેગરોના નામથી ઓળખાતા હતા, જગન્નાથ મંદિરની યાત્રા ભય અને અશાંતિના વાતાવરણમાં કાઢતા હતા તેમજ પોરબંદર જેવા શહેરની બહાર કાયદાની હદ સમાપ્ત થાય છે તેવા બેનરો લાગતા હતા ત્યારે ગુજરાતના કપરા સમયમાં રાજ્યના ગૃહમંત્રી તરીકે શ્રી અમિતભાઇ શાહના આવવાથી આ તમામ બૂટલેગરો પોતાના દરમાં છુપાઇ ગયા હતા અને ગુજરાતમાં શાંતિ, સલામતિ અને સુશાસનની સ્થાપના કરી હતી. આવા નખશીખ પ્રમાણિક શ્રી અમિતભાઇ શાહની ગાંધીનગર લોકસભાના ઉમેદવાર તરીકે વરણી થતી હોય ત્યારે પ્રત્યેક ભાજપાનો કાર્યકર મેરા બૂથ સબસે મજબૂતના સંકલ્પ સાથે ૨૦૧૯ લોકસભા ચૂંટણીના યુધ્ધમાં જોતરાઇ જાય તેવી હાકલ શ્રી વાઘાણીએ કરી હતી.

ઉત્તરપ્રદેશ મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથે પોતાની વેધક શૈલીમાં જણાવ્યુ હતુ કે, ગુજરાતનો અવાજ હંમેશા ભારતના ગૌરવનો અવાજ બને છે ત્યારે આવનારી લોકસભાની ચૂંટણીમાં દેશની ૫૪૩ બેઠકો ઉપર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ ચૂંટણીના પ્રચાર-પ્રસારની ધૂરા સંભાળવાના હોય ત્યારે ગાંધીનગર લોકસભાના પ્રત્યેક નાગરિક સ્વયં નરેન્દ્રભાઇ મોદી અને અમિતભાઇ શાહ બનીને ચૂંટણીના આ મેદાનમાં ઉતરીને ગુજરાતી તમામ ૨૬ બેઠકો ઉપર વિકાસનું કમળ ખીલવે તેવી કાર્યકરોને અપીલ કરી હતી.

શ્રી યોગીજીએ જણાવ્યુ હતુ કે, ગાંધીનગર પહેલા વારાણસીની મુલાકાતે હતો ત્યારે પાચીન નગરી કાશીને વિશ્વના નકશા પર જે સ્થાન મળ્યુ છે તે સાંસદરૂપે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની નીતિરીતિને કારણે મળ્યુ છે. ભાજપામાં બૂથનો એક સામાન્ય કાર્યકર ધારાસભ્ય અને ત્યારબાદ રાષ્ટ્રીય અધ્યક્ષ પદે પહોંચી શકે તે માત્ર ભાજપામાં જ સંભવ છે જ્યારે અન્ય પાર્ટીઓમાં પરિવારવાદ અને વંશવાદના કારણે એકજ કુટુંબનું વર્ષોથી રાષ્ટ્રીય પ્રમુખ તરીકે એકચક્રી શાસન રહ્યુ છે. ૫૫ વર્ષ સુધી કોંગ્રેસના શાસનમાં ગરીબી કેમ વધી ? સ્વ.ઇન્દિરા ગાંધીના ગરીબી હટાવોના નારા કોંગ્રેસ સાર્થક કેમ ન કરી શકી ? જેના પરીણામે ૨૦૧૪માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ૪૦ કરોડ ગરીબોના જનધન ખાતા, ૨.૫૦ કરોડ લોકોના આવાસ, ૪ કરોડ લોકોને મફત વિજળી જોડાણ, ૭ કરોડના લોકોને ગેસ કનેક્શન, ૧૨ કરોડ પરીવારોને પ્રધાનમંત્રી આયુષમાન યોજના અને ૯.૫૦ કરોડ શૌચાલયો ભાજપાના શાસનમાં નક્કર કાર્યો કરીને સાચા અર્થમાં દેશની ગરીબ, વંચિત, સમાજ માટે કાર્ય કર્યુ છે. જ્યારે કોંગ્રેસે માત્ર એકજ પરિવારની અમીરી કેમ વધે તે જ દિશામાં કાર્ય કર્યુ છે. કોંગ્રેસને ક્યારેય ગરીબો માટે પીડા કે સંવેદના હતી જ નહી.

કોંગ્રેસને ગુજરાતના નેતા માટે પણ અણગમો દેખાઇ આવતો હતો. ગુજરાતની ભૂમિએ જ્યારે જ્યારે દેશને જરૂર પડી છે ત્યારે સ્વાધીનતા સમયે મહાત્મા ગાંધીજી, અખંડ ભારત માટે સરદાર વલ્લભભાઇ પટેલ, સુશાસન માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કુશળ સંગઠક અને માં ભારતીના પરમભક્ત શ્રી અમિતભાઇ શાહ જેવા સપૂત આપ્યા છે ત્યારે કોંગ્રેસે હંમેશા સરદાર વલ્લભભાઇ પટેલને હાંસીયામાં ધકેલી દીધા હતા. ૪૨ વર્ષ સુધી ભારત રત્નથી આ મહાપુરૂષને વંચિત રાખ્યા અને સતત તેમની અવગણ્ણા કરી જ્યારે ભાજપાએ સરદાર પટેલની વિરાટ વ્યક્તિત્વ સમાન સ્ટેચ્યુ ઓફ યુનિટિનું લોકાર્પણ કરીને એક સાચી શ્રધ્ધાંજલી અર્પણ કરી છે.

શ્રી યોગીજી એ વધુમાં જણાવ્યુ હતુ કે, ૨૦૧૩માં કોંગ્રેસના શાસનમાં મહાકુંભનું આયોજન હતુ, ત્યારે આ કુંભનું આયોજન એવી સરકારના હાથમાં હતુ કે જે સરકારને આ કુંભ માટે કોઇ આસ્થા કે સન્માન ન હતુ. લોકોને કુંભ માટે ઉત્સાહિત કરવાને બદલે હતોત્સાહિત કરતા હતા, અરાજકતા ફેલાવી હતી.. જેને પરિણામે ૨૦૧૩ના કુંભમાં અવ્યવસ્થા અને સુવિધાના અભાવે કેટલાય લોકોના મૃત્યુ થયા હતા. જેની સરખામણીમાં ૨૦૧૯ના સમયે ઉત્તરપ્રદેશમાં એક એવી આવી સરકાર આવી જેનું નેતૃત્વ કરવાની તક પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનથી મને સાંપડી અને યુનેસ્કો જેવી વૈશ્વિક સંસ્થાએ કુંભને એક આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ધરોહર તરીકે સ્વીકારીને સમગ્ર ભારતને ગૌરવ અપાવ્યુ હતુ સાથે સાથે સાડા ૪૦૦ વર્ષ સુધી જે હિન્દુઓના આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર છે તેવા "અક્ષયવટ"ના દર્શનનો લાભ ૨૦૧૯માં દરેક દર્શનાર્થીને મળ્યો. આમ, દેશની જનતાની આસ્થા અને શ્રધ્ધાનું સન્માન માત્ર ભાજપા જ કરી શકે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




કોંગ્રેસના શાસનને આડેહાથે લેતા જણાવ્યુ હતુ કે, સમગ્ર દેશમાં અરાજકતા, અવિશ્વાસ અને આતંકવાદનો માહોલ હતો. ચીન કે પાકિસ્તાન સામે નિર્ણાયક પગલા ભરી શકે તેવી સરકારનો અભાવ હતો. નેતાનીતિ અને નિયતવિહોણી સરકાર હતી. જેને પરિણામે દેશની આ હાલત હતી. કોંગ્રેસે માત્ર આતંકવાદને પોષવાનું કાર્ય જ કર્યુ છે. જ્યારે તેની પર પ્રકાશ પાડતા શ્રી યોગીજીએ જણાવ્યુ હતુ કે, પૂર્વોત્તર રાજ્યમાં પ્રતિવર્ષ આતંકવાદની ઘટના ઘટતી હતી. દેશના અન્ય રાજ્યોથી આ રાજ્યો અલગથલગ પડી ગયા હતા. જ્યારે આવા કપરા સાથે દેશમાં એક સક્ષમ નેતૃત્વ અને સ્થિર સરકારની જરૂર હતી ત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશની જનતાએ જે તેમની નીતિરીતિથી કાર્ય કરીને પૂર્વાંચલ રાજ્યમાં નકસલવાદ ખતમ કર્યો જેને પરીણામે મણીપુર, ત્રિપુરા, મેઘાલય અને અરૂણાચલ જેવા રાજ્યમાં પ્રજાનો વિશ્વાસ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં પ્રજાનો વિશ્વાસ વધ્યો છે તેને પરીણામે ભાજપાનું કમળ ત્યાં ખીલ્યુ છે.

શ્રી યોગીજીએ જણાવ્યુ હતુ કે, સર્જીકલ સ્ટ્રાઇક અને એરસ્ટ્રાઇક કરીને પાકિસ્તારન અધિકૃત કશ્મીરમાં ઘુસીને આતંકવાદી કેમ્પોને નેસ્તનાબૂદ કરીને સમગ્ર વિશ્વમાં ભારતીય સૈન્યના શૌર્ય અને પરાક્રમનો પરિચય કરાવ્યો હતો. ડોકલામ મુદ્દે ચીનને પીઠેહટ કરવી પડી પાકિસ્તાન અલગથલગ થઇ ગયુ છે તે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સફળ વિદેશનીતિને આભારી છે.

કોંગ્રેસના નામદાર શ્રી રાહુલ ગાંધી વેધક પ્રશ્ન પુછ્યો હતો કે ચૂંટણી સમયે જ તમને મંદિર કેમ યાદ આવે છે ? જે કોંગ્રેસ કે કોંગ્રેસના નેતાઓને કરોડો હિંન્દુઓની આસ્થા અને શ્રધ્ધામાં વિશ્વાસ નહોતો તે કોંગ્રેસના નબીરાઓ ગંગા મેલી છે આજે એ જ કોંગ્રેસના નબીરાઓ ગંગાજળનું આચમન કરીને સાબીત કર્યુ કે, ગંગા પવિત્ર છે હતી અને રહેવાની.

કોંગ્રેસના નેતાઓ હંમેશા પાકિસ્તાનના સમર્થમાં નારા લગાવીને શું સાબીત કરવા માંગે છે ? શહીદોનું અપમાન કરવું એ કોંગ્રેસનો સ્વભાવ બની ચૂક્યો છે. આજે કોંગ્રેસ સમગ્ર દેશમાંથી નેસ્તનાબૂદ થઇ રહી છે. લોકતંત્રમાં લોકો માટે જવાબદારી તે મુખ્ય છે. આ જવાબદારી વહન કરવાની ક્ષમતા માત્ર ભાજપાની સરકાર જ કરી શકે છે. અને આ જવાબદારી ભાજપા પુરી ઈમાનદારીથી વહન કરી રહી છે ત્યારે ૨૦૧૯ના ચૂંટણીના નિર્ણાયક યુધ્ધમમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ ભ્રમણ કરવાના હોય ત્યારે ગુજરાતના પ્રત્યેક કાર્યકરની જવાબદારી વધી જાય કે તેઓ સ્વયં નરેન્દ્રભાઇ મોદી અને અમિતભાઇ બનીને ચૂંટણીના રણમેદાનમાં જીતના નિર્ધાર સાથે ઉતરી પડે તેવી હાકલ શ્રી યોગીજીએ કરી હતી.

આજના આ સંમેલનમાં ભાજપાના પ્રદેશ અગ્રણીશ્રીઓ, અમદાવાદ મહાનગરના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મેયરશ્રી તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ